**ફોજદારી કેસ નંબર : ૧૬૭૮૪ /૨૦૨૨**

## // આંક–1 લગત હુકમ //

(૧) હાલનુ ચાર્જશીટ સાબરમતી પો.સ્ટે. ઘ્વારા ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૬(૧)બી, ૮૫(૧) મુજબનો દાખલ કરેલ છે. જે ચાર્જશીટ વંચાણે લેતા ગુનો ૨૦૧૯ ની સાલમા બનેલાનો જણાય આવે છે અને તેનુ ચાર્જશીટ ૨૦૨૨ મા તપાસ કરનાર અધિકારી ઘ્વારા અત્રેની કોર્ટમા રજુ કરેલ છે. સદરહુ ચાર્જશીટ જે ગુનાનુ કરવામા આવેલ છે તેમા વધુમા વધુ છ મહીના સુધીની અને દંડની સજાની જોગવાઈ છે. જે ઘ્યાને લેતા ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ : ૪૬૮ વંચાણે લેતા તેમા સજાની જોગવાઈના આધારે ગુનાનુ સંજ્ઞાન લેવા બાબતે જોગવાઈ કરેલ છે તે વંચાણે લેતા તેમા નકકી કરેલી સમય મર્યાદા બાદ કોર્ટ ગુનાનુ સંજ્ઞાન લઈ શકશે નહી અને કલમ : ૪૭૩ મુજબ જો કોર્ટને મોડુ થવા માટેનુ સંતોષકારક કારણ જણાય તો નિયત સમય મર્યાદા બાદ પણ ગુનાનુ સંજ્ઞાન લઈ શકશે. જે કાયદાની જોગવાઈ ઘ્યાને લેતા હાલના ગુનામા દંડની સજા થી લઈ એક વર્ષ સુધીની સજાની જોગવાઈ છે જેથી જો દંડની સજાની જોગવાઈ હોય તો ગુનાનુ કોગ્નીજન્સ છ માસ બાદ લઈ શકાશે નહી અને એક વર્ષ સુધીની જોગવાઈ હોય તો એક વર્ષ સુધીમા સંજ્ઞાન લઈ શકાશે.

(૨) હાલનું ચાર્જશીટ સંબંધિત પોલીસ સ્ટેશન ઘ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ એકટ ની કલમ –૬૬(૧)(બી)અને ૮૫(૧) મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આરોપી સામે રજૂ કરેલ છે જે ચાર્જશીટ સાથે રજૂ થયેલ ફરિયાદ અને સાહેદોના નિવેદનો ઘ્યાને લેતા આરોપીએ કેફી પદાર્થ લીધેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે પરંતુ સદરહું આરોપી આ કાયદાની કલમ–૮૫(૧)માં જણાવ્યા અનુસાર નશાની અસર હેઠળ હોય અને લોકોની આવજાવ કરવાની છૂટ હોય તેવા કોઈ રસ્તા, રાહદારી માર્ગ, સાર્વજનીક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય કે કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય કે બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તૂણક કરતો હોય, અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવું ચાર્જશીટ સાથે રજૂ થયેલા સાહેદોના નિવેદનો કે ફરિયાદ પરથી જણાઈ આવતું નથી. આ કાયદાની કલમ–૮૫(૧) ના કોઈ

તત્વો આકર્ષાતા ન હોય અને તેથી તે ગુન્હાનું સંજ્ઞાન લેવા માટે પુરતો પુરાવો રેકર્ડ પર ન હોય જેથી તેનુ સંજ્ઞાન લઈ શકાય તેમ નથી.

(૩) જેથી સમગ્ર ચાર્જશીટ સાથે રજૂ થયેલા દસ્તાવેજો ધ્યાને લેતા, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી)ના તત્વો આકર્ષાતા હોય અને હાલના ગુનમા છ મહીના સુધીની સજા અને દંડની જોગવાઈ હોય  જેથી છ મહીના બાદ સંજ્ઞાન લઈ શકાય નહી અને તપાસ કરનાર અધિકારીએ પણ ચાર્જશીટની સાથે બંદોબસ્તમા રોકાયેલ હોય તેવા અસંતોષકારક કારણસર ચાર્જશીટ થઈ શકેલ નહી તેવુ કારણ જણાવેલ છે જે વ્યાજબી જણાતુ નથી. વધુમા, જેથી ચાર્જશીટ સાથે રજુ લેતા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા હાલના ચાર્જશીટને ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ : ૪૬૮ ની જોગવાઈનો બાધ નડતો હોય ગુનાનુ સંજ્ઞાન લઈ શકાય તેમ ન હોય અને કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**// હુ ક મ //**

આરોપી સામેના ગુનામાં કોગ્નીઝન્સ લેવા અંગે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ : ૪૬૮ નો બાધ  નડતો હોવાથી આરોપી સામે કોગ્નીઝન્સ લેવામાં આવતા નથી અને કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે અને એ રીતે કેસ નિકાલ કરવામા આવે છે.

આજરોજ તા.૧૨/૧૧/૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કરવામા આવે છે.

તારીખ :– ૧૨/૧૧/૨૨
સ્થળ :– અમદાવાદ (ગ્રામ્ય)

(એ.સી.સખિયા)
જુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
અમદાવાદ (ગ્રામ્ય)
U.I.D.GJ01418